નિસ્યંદન

(ગુજરાતી કવિતાનું ઈ–સામયિક)

ડિસેમ્બર ૨૦૧૪

વર્ષ – ૩ અંક – ૫ સળંગ અંક – ૧૭



તંત્રી-સંપાદક

યોગેશ વૈદ્ય

પરામર્શક

જનક દવે   સાહિલ   શશિકાંત ભટ્ટ 'શૈશવ'   જિતુ પુરોહિત

*

આ અંકના ફોટો-કલાકાર : ઝોકા લોરિન્ઝ (Zsóka Lőrincz)

*

પરિકલ્પના અને સજાવટ : યોગેશ વૈદ્ય

*

પ્રૂફરીડિંગ : જિતુ ત્રિવેદી

*

ટેકનિકલ સહયોગ : ગુંજા વૈદ્ય મંદાર દવે

*

o 'નિસ્યંદન' વિશે

o મૂલત: ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા તેમ જ અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે.

o લવાજમ – આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા

o નિસ્યંદન' આપના ઈ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો : અમારી વેબસાઈટ http://yogish.co.in પર જઈ 'નિસ્યંદન' નામક વિભાગમાં સાઈડબારમાં મૂકેલ 'નામાંકન પત્ર'માં વિગત ભરી **submit** કરો.

અથવા

https://docs.google.com/spreadsheet/embeddedform?formkey=dHRQTnYzLVl4YWZmNHpXVF9VS3R4cnc6MQ

કડી પર **Ctrl+Click** કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી **submit** કરો.

o આપના સાહિત્યકાર મિત્રો તેમજ કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા વિનંતી.

o 'નિસ્યંદન' માટે આવકાર્ય છે

o અપ્રગટ મૌલિક કાવ્યરચનાઓ તથા કાવ્યાનુવાદ / મીમાંસા. કૃતિ સાથે સાહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.

o *અપ્રગટ રચનાઓ જ મોકલશો . બ્લોગ / વેબસાઇટ પર મુકાયેલી પ્રગટ રચનાઓ મોકલવી નહીં .*

o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર / લઘુવૃત્તાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)

o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.

o પુસ્તક-પરિચય માટે પુસ્તકની એક નકલ.

o *'નિસ્યંદન'માં પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.*

o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઈ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ-ઠેકાણાં :

o ટપાલ દ્વારા – યોગેશ વૈદ્ય, 'હૃદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ - ૩૬૨ ૨૬૫ (ગુજરાત) ભારત.

o ઇ-મેઇલ દ્વારા - mryogi62@gmail.com

o વેબસાઈટ - http://yogish.co.in   o બ્લોગ - http://yogesh-vaidya.blogspot.com

o ફેઇસબુક પેઇજ - https://www.facebook.com/Nisyandan

અનુક્રમ

(પૃષ્ઠ નંબર પર ક્લિક કરો અને સીધા ઇચ્છિત પૃષ્ઠ પર પહોંચો, પૃષ્ઠના તળિયે મૂકેલ સંજ્ઞા ⮌ પર ક્લિક કરી અનુક્રમ પર પરત આવો)



o ઘરદીવડા

હમણાં સુદૂરના ઈમ્ફાલ મુકામે સાહિત્ય અકાદમી દ્વારા યોજાયેલ All India Poetry Festival માં ભાગ લેવા જવાનો અવસર સાંપડ્યો. મણિપુર રાજ્યનું પાટનગર ઈમ્ફાલ. અલ્પ વિકસિત અને મોટેભાગે આપણા માટે અલ્પજ્ઞાત એવું આ નગર. સામાજિક રીતે અને ભૌગોલિક રીતે પણ આપણાથી જાણે કપાયેલું. અહીં દેશભરની બધી જ ભાષાઓનું પ્રતિનિધિત્વ કરતા કવિઓ આવ્યા. કાવ્યપઠનની બેઠકો યોજાઈ. કવિતાની, તેનાં સ્થિત્યાંતરોની ચર્ચાઓ થઈ. એકંદરે આ એક રાષ્ટ્રિય સ્તરનું આયોજન હતું અને તેને અનુરૂપ ગરિમા સાથે તે સંપન્ન થયું. દરેક કવિએ એક-બે કવિતાનો પાઠ પોતાની માતૃભાષામાં અને બાકીનાં કાવ્યોના અંગ્રેજી અથવા હિંદી અનુવાદોનું (મોટાભાગના અંગ્રેજીમાં) પઠન કર્યું. મણિપુર નૃત્ય અકાદમીનાં ઓડિટોરિયમમાં જાણે વિવિધ ભાષાઓની ભાવ-રંગોળી પુરાઈ ગઈ.

મણિપુરમાં હિંદુ ધર્મ ૧૭મી સદીમાં પહોંચ્યો. તે પહેલાંનાં તેમનાં અલાયદાં દેવી-દેવતાઓ અને તેનાં મંદિરો જોઈને, ઈમ્ફાલ મધ્યે તેના પ્રાચીન સામ્રાજ્યના સાંસ્કૃતિક અવશેષોની ઝાંખી કરીને મન રોમાંચિત થઈ ગયું. પ્રજા ધર્મપરાયણ. કૃષ્ણભક્તો ઠેરઠેર નજરે પડે. નૃત્ય(રાસલીલા), સંગીત અને પોતાની સંસ્કૃતિ પ્રત્યેની નિષ્ઠા ઈમ્ફાલના સામાજિક રીતે મુક્ત જણાતા વાતાવરણમાં પણ સ્પષ્ટ દેખાઈ આવે. સાથે સાથે એક અજબ પ્રકારનો સન્નાટો પણ વરતાય. લોકો પોતામાં રમમાણ. તેમની સાથે સામેથી વાત કરવાની કોશિશ કરો તોપણ મોટાભાગે નિષ્ફળતા મળે. જાણે અન્યોથી રીંસે ન ભરાયા હોય ! (તેમની અત્યાર સુધી થયેલ ઉપેક્ષાનો આ મૌન પડઘો પણ હોય કદાચ) અમારા રોકાણ દરમ્યાન થયેલા બે બોંબબ્લાસ્ટ અને ઈમ્ફાલથી લોકટેકના ૪૫ કિલોમીટરના પ્રવાસ દરમ્યાન ઠેરઠેર જોયેલા બંદૂકધારી સૈનિકના ચહેરાપરની તંગ રેખાઓએ ત્યાંનાં રાજકીય અને સામાજિક વાતાવરણ વિષે ઘણું કહી દીધું. મણિપુરને નજીકથી જાણવા-માણવાના મનસૂબાને ત્યાં જ ખતમ કરવો પડ્યો. મણિપુર નૃત્ય અકાદમીના વડા પાસેથી ખાસ મેળવેલ મણિપુરી લોક સંગીત અને રાસલીલાની ડીવીડી લઈને ભારે મને ત્યાંથી નીકળી ગયો.

પણ પરત આવ્યા પછી North-East Writer's Forumના મણિપુર ચેપ્ટરના શ્રી બીજોયકુમાર તયેન્જમ સાથેના સંસર્ગથી મણિપુરી કવિતાના સાવ અજ્ઞાત એવા આશ્ચર્યલોકમાં પ્રવેશ થઈ શક્યો. શ્રીબીરેન, રઘુ લઈસંગથેમ, સરતચંદ થીયામ, રાજકુમાર ભુબોનસાના, સૌબમ તોમ્બા લુવાન્ગ વગેરે કવિઓના સાવ અજાણ્યા અને અત્યંત પ્રભાવશાળી શબ્દલોકમાં પ્રવેશવાનો અવસર મળ્યો. ઘટતું હતું તે કામ ઈન્ટરનેટના ખાંખાંખોળાએ કરી આપ્યું. કવિતાઓ દ્વારા મણિપુરને જાણવાની બારીઓ ખૂલી રહી છે. પ્રશ્ન થાય છે કે આવા તો કંઈ કેટલાએ આશ્ચર્યલોક આપણી ભગિની ભાષાઓમાં વેરાઈને પડ્યા હશે. આપણને એનો અણસાર સુધ્ધાં પણ છે ખરો? અંગ્રેજી કે અન્ય વિદેશી ભાષાઓના કેટલાંક સામાન્ય કક્ષાનાં કાવ્યોને માથે ચડાવીને ફરીએ છીએ, હોંશે હોંશે અનુવાદો કરીએ છીએ ત્યારે આ સાવ નજીકના ઘરદીવડાઓની ઉપેક્ષા થઈ રહી હોય તેવું નથી લાગતું ? જોકે એ પણ નોંધવું રહ્યું કે ઈન્ટરનેટનાં વ્યાપ પછી એવાં કાવ્યમંચો ઊભા થયા છે કે જ્યાંથી લગભગ બધી જ ભારતીય ભાષાઓનાં કાવ્યો મળી શકે. ગુજરાતમાંથી પણ કવિ ઉદયન ઠક્કર દ્વારા Poetry India.com નામક વેબસાઈટ શરૂ થઈ છે. આવી પ્રવૃત્તિઓ વધવી જોઈએ. 'નિસ્યંદન' પણ તેના સ્તરેથી આ પ્રવૃત્તિને વેગ આપવાના પ્રયત્નો કરી રહ્યું છે.

o યોગેશ વૈદ્ય

તારીખ: ૩૧ . ૧૨ . ૨૦૧૪

0 ગીત-૧



હાલ્ય, પાઈ દઈ એકાદું પાણ,[૧]
બોંતેરું[૨] ફૂંકશે ની વાઈતું વચાળે નથી વાદળીના કોઈ એંધાણ :
હાલ્ય, પાઈ દઈ એકાદું પાણ !

દનિયા[૩] તો કરાફાર[૪] તઈપાતા ઓણ,
તોય મેઘો કરે છે કેમ ગાંઠા,
ગલઢેરા વરતારા કાઢીને કે'તાતા ઓણ,
' રંગમતી જશે બેય કાંઠા' !
છતા કરમે છે ઈની ઈ કાણ,
હાલ્ય પાઈ દઈ એકાદુ પાણ !



આગતરો પડશે તો પાછતરો ખેંચાશે
એવું તો પરથમથી લાગતું !
ગામ આખ્ખું રાત દી કોરા ઉચાટમાં
ભીડેલી આખ્યુંથી જાગતું !
થીયું ભુઈખા રે'વાનું બંધાણ,
હાલ્ય પાઈ દઈ એકાદું પાણ !

0 સતીશચન્દ્ર વ્યાસ 'શબ્દ'

૧ પાણ: ખેતરમાં સિંચાઇ દ્વારા પાણી પાવાની ક્રિયા, ૨ બોતેરું: બોતેર દિવસ સુધી વરસાદ વિના પવન ફૂંકાવાની ઘટના. ૩ દનિયા: ચૈત્ર મહિનાના અમુક દિવસો જેમાં તાપ પડવાથી પછીની મૌસમમાં ખુબ વરસાદ થાય- આવી માન્યતા છે. ૪ કરાફર : અતિશય,

0 ગીત-૨



પીંડાને માનીને રાંકડા
કીડી, કુંભાર, અરે આખ્ખો સમાજ કરે ઢાળામાં ઢાળવાના દાખડા

કાળમીંઢ થોડા છે પોતાની મેળે એ તૂટી ને રેતી થઈ જાય !
જરા તરા છેડછાડ કરશો તો માટી તો અહીંયાં ત્યાં વહેતી થઈ જાય !
કેટલાય વર્ષોની મહેનતના અંતે, દોઢ હાથ માંડ થાય રાફડા !
પીંડાને માનીને રાંકડા.

માટી છે, માટીમાં પાણી, પરપોટા ને આકારો ભાંગવાની ટેવ.
શૂનમૂન રૂપહીન ઘાટ વિના રહેવું એ સૂત્રોની પડખે સદૈવ.
દેવાને ઘાટઘૂટ ફેરવો ભલેને તમે સૂરજ ને ચંદરના ચાકડા.
પીંડાને માનીને રાંકડા

0 સતીશચન્દ્ર વ્યાસ 'શબ્દ'

0 ગીત-૩



તમને સત્કારવા, ખાખરાની જેમ હું તો ખેરવીને ઊભો છું પાન !
ને લોક સમજે છે સુક્કો વેરાન !
તારા વિનાની એક સાંજે મેં હળવેથી છેડી’તી મારવાની તાન
ને લોક સમજે છે સુક્કો વેરાન !
લીલ્લો લચેલ મોલ કાળક્રમે પાકીને બન્યો છે સોનેરી ધાન !
ને લોક સમજે છે સુક્કો વેરાન !
આવ્યું’તું પીળાં પતંગિયાંનું ઝુંડ મારી ડાળખીએ, કરવાને રંગનું તોફાન
ને લોક સમજે છે સુક્કો વેરાન !
રાખી સપાટી સાવ કોરીને ભીતરમાં ભેજને મેં કર્યો’તો બાન.
ને લોક સમજે છે સુક્કો વેરાન !

0 સતીશચન્દ્ર વ્યાસ ‘શબ્દ’

0 ગીત-૪

એમ નહીં જાગે એ ચીસાચીસથી—
મુક્તિની ચાદર ઠસ્સાવીને ઘોરે છે એમનેમ છેક સુડતાલીશથી !

તણખા-તણખલાં-દેતવા કે આગિયા દેખાતાં ઊડતાં ચોમેર !
ચપટી અજવાળાના ઝબકારા ક્યાંક, બાકી આંખે ને આભે અંધેર !
દીપક વિણ અંધારું કાપવાનું ભાઈ, ! આ તો દીવાસળી ને માચીસથી !
મુક્તિની ચાદર ઠસ્સાવીને ઘોરે છે એમનેમ છેક સુડતાલીશથી !

પડખું ફરે કે જરા પાંપણ હલે ને તોય આશા જાગે કે હવે જાગશે
બાકી તો તે દિવસે જાગશે કે જે દિવસે ઊંઘી ઊંઘી ને ખૂબ થાકશે !
અંદર રજોટ થઈ આંસુ દળાઈ જાય સપના ને પોપચાંની ભીંસથી
મુક્તિની ચાદર ઠસ્સાવીને ઘોરે છે એમનેમ છેક સુડતાલીશથી !

0 સતીશચન્દ્ર વ્યાસ ‘શબ્દ’

0 ગીત-૫

મને મૂકી તલસરાના તાપણે ! સાયબા, ક્યાં હાલ્યા ?
રંગ શમણાના ઘોળીને પાંપણે ! સાયબા, ક્યાં હાલ્યા ?

માથે હિમાળો થઈ ઊભો જીવતરનો પોષ;
સાવ ખુલ્લી ચોપાટ અને સોગઠા ખામોશ;
માંડ બાજી માંડી’તી હજી આપણે ! સાયબા, ક્યાં હાલ્યા ?



મને મેળા ફજેત તણાં કર્યા વદાડ,
અને આડા મૂકી દીધા ઊંચેરા પ્હાડ,
મને ઓરડેથી કાઢીને આંગણે ! સાયબા, ક્યાં હાલ્યા ?

0 સતીશચન્દ્ર વ્યાસ ‘શબ્દ’





0 આવજો

અજવાળી આઠમને તેડે આવજો
રાત પડે કે રોંઢો, તમ વિણ જરાય ગોઠતું નથ્ય
અંગે ઢંક્યું વસ્તર, અંગે જરાય શોભતું નથ્ય
ટૂંકામા ટૂંકેરા કેડે આવજો.

બાને નડશે મુરત, બાપુજીને સામી ઝાળ
કે'જો સામી ઝાળથી ઝાઝી અંદર છે વિકરાળ
વળતાના ખોટીપા વેડે આવજો.

સહિયર હાથે મેંદી ભેળાં મેણાં-ટોણાં ચીતરે
રાત પડ્યે ખખડે છે શોક્યું જેવી સાંકળ ભીતર
આવો ત્યારે સીધા મેડે આવજો.

0 સ્નેહી પરમાર

0 માથાબોળ


તમે કર્યો શિખરની માથે ધજા ધર્યાનો ડોળ
અમે તો તળમાં માથાબોળ

અમે નિહાળ્યો નથી કદીયે પડઘાનો આકાર
અમે લીધો ના કદી વીજળી ચમક્યાનો આધાર
અમે નિહાળ્યો નથી કદીયે ઝલમલ ઝાકમઝોળ
અમે તો જળમાં માથાબોળ

તમે હવાના યાયાવરને પિંજર પૂરો, છોડો
તમે તમારી મનમાયાના પડછાયામાં દોડો
તમે કરો તે બધી ક્રિયાઓ લાગે ગોળમગોળ
અમે તો કળમાં માથાબોળ

તમે યુગોના છેડા ઝાલો, કદી સદીને વરતા
તમે સમયના જળાશયોના નકશાઓમાં તરતા
અને અમારે આંગણિયે તો પળની છોળમછોળ
અમે તો પળમાં માથાબોળ

0 સ્નેહી પરમાર



૦ બસ તું





સૂરજનાં, વાદળનાં, ઝાડવાંનાં, ટહુકાનાં આમંત્રણ રોજ મને આવે છે
આભ હો કે છાંયડા, પંખી કે વાયરા, રોજ મને મળવા બોલાવે છે.
એકેય પળ નથી મળતી નવરાશ છતાં તારા વિચાર રોજ આવે છે.

એટલે કે હું મને ભૂલી ગયો છું - ની વારતા રોજ પડે ખોટી
મારામાં રહેતી કો તારી સુગંધ મને કહેતી હું તારાથી મોટી
એને હું રોજ પગે લાગું તો ફૂલ કહે શું કરવા માથે ચડાવે છે?
એકેય પળ નથી મળતી નવરાશ છતાં તારા વિચાર રોજ આવે છે.

એક વાર સપનામાં તારા વિચારોને ભૂંસવાનો ટ્રાય મેં કરેલો
પહેલી જ વાર હું મારા આકાશમાંથી ધબ્બ દઈ નીચે ખરેલો
જીવ ના ચાલે કંઈ એવાં આંસુઓને મફતમાં આંખો ઉડાવે છે
એકેય પળ નથી મળતી નવરાશ છતાં તારા વિચાર રોજ આવે છે.

૦ મુકેશ જોષી

૦ બીજ બહારનો ધણી



તું બીજ બહારનો ધણી
નિત ઊઠી મારા જીવનની કેમ કાઢતો અણી ?

તું કરતો તે લીલા પીરની હું કહેલાઉં ફકીર
હું બોલું તે જાય હવામાં તું બોલે એ લકીર ?
નકળંક નેજા ધારી તેં નોબતમાં લીધો વણી
તું બીજ બહારનો ધણી
નિત ઊઠી મારા જીવનની કેમ કાઢતો અણી ?

લીલાં નેજાં તારાં ફરુકે મારી વાચા અબોલ
હું પુકારું તને જેમકે સૂના ગામમાં ઢોલ
હું સાવ ઉઘાડે છોગ ને તારે મસ્તક મુકુટમણી ?
તું બીજ બહારનો ધણી
નિત ઊઠી મારા જીવનની કેમ કાઢતો અણી ?



તારે રમવા કઈંક ઘોડલા, ખેલવનારો ખેલે
હું મારાં સપનાંનો કચરો ભરતો ખાલી થેલે
તારા નામે જ્યોત જલાવી મેં સુખમણ પીડા જણી
તું બીજ બહારનો ધણી
નિત ઊઠી મારા જીવનની કેમ કાઢતો અણી ?

૦ અનિલ વાળા

0 ગીત



ફૂલો ઊગ્યા ફળિયે
પૂરગુલાબી જાજમ તારા ચરણોના ચોઘડિયે..

તું આવી તો પલકારાના પગરવ નીચે ધરબાયેલાં અંધારાના ખૂણે-ખૂણે સૂરજ ઊગ્યો
તુ આવી તો ધુમ્મસ તૂટ્યાં, કલરવના કિલ્લેથી કંઈ ફરમાન વછૂટ્યાં, આઘે-આઘે ક્યાંક પહાડી ઢોલ ઢબૂક્યો
તુ આવી તો સહિયારે તડકાની ચણ ધરીએ
બેઠાં છે ચોમાસુ પંખી અવસરના ઉંબરિયે..

છેક સમયના છેડે કોઈ પારિજાતના ફૂલો જેવાં સ્પર્શની આખી નદી મળી છે – એમ કહું તો સમજી જાજે
છેક સમયના છેડેથી ખેંચી લાવ્યો છું નદી, નદીમાં મોસમ આખી ઝબકોળી છે – એમ કહું તો સમજી જાજે
ડૂબવાની વાતો સૌ જૂની, ડૂબકી-ડૂબકી રમીએ
તળિયે જઈને તાગ શું લેવો ! અધવચ્ચે ઓગળિયે..

0 મિલિન્દ ગઢવી



0 ગીત

ધડ ધડ ધડ ધડ ધડા ધાડ ધડ ; ધડ ધડ ધડ ધડ ધાડ
એકસામટા માથે પડતા ઘટનાઓના પ્હાડ

બધું અવાચક, બધું સ્તબ્ધ છે, બધાં દ્રશ્ય છે "લાશ"
હવે છેક સમજાયો અમને શબ્દ એક - "ખલ્લાસ"
જોનારાની આંખ રહે નહિ ; મૂંગા નાખે ત્રાડ
ધડ ધડ ધડ ધડ ધડા ધાડ ધડ ; ધડ ધડ ધડ ધડ ધાડ
એકસામટા માથે પડતા ઘટનાઓના પ્હાડ



ગાય મરસિયાં વાદળ સઘળાં - પવન કૂટતો છાતી
બધી ઋતુઓ ટૂંટિયું વાળી બેસી ગૈ મૂંઝાતી
એય ઇશ્વર ! તે કઇ દુનિયાના બંધ કર્યાં કમ્માડ ?
ધડ ધડ ધડ ધડ ધડા ધાડ ધડ ; ધડ ધડ ધડ ધડ ધાડ

0 જિગર જોષી 'પ્રેમ'

૦ પરિવર્તિતોનાં ગીતો



માર્ગરેટ એટવૂડ
અનુ. યોગેશ વૈદ્ય

કૅનેડાના કવયિત્રી માર્ગરેટ એટવૂડના કાવ્યગુચ્છ ‘Songs Of The Transformed’ માંથી કેટલાંક..

૦ અળસિયાનું ગીત

ઘણા લાંબા વખતથી અમે ભૂગર્ભમાં છીએ,
અમે અમારું કામ કરી લીધું છે,
અમે અનેક છીએ અને એક છીએ,
અમને યાદ છે અમે માણસ હતાં

અમે મૂળિયાંઓ વચ્ચે અને પથ્થરોમાં જીવ્યાં છીએ,
અમે ગીતો ગાયાં પણ કોઈએ સાંભળ્યાં નહીં,
રાતે અમે ખુલ્લી હવામાં આવીએ માત્ર પ્રેમ કરવા
જેના પ્રત્યે બૂટનાં તળિયાંઓને,
તેનાં ચામડાના જડસુ ધર્મને નફરત.

અમને ખબર છે, તળિયેથી જોતાં બૂટ કેવાં લાગે
જાણીએ છીએ અમેં બૂટની જીવનદૃષ્ટિ,
લાત અને નિસરણીની તત્ત્વમીમાંસા.
અમે બૂટથી ડરેલાં છીએ.
અને જેમને બૂટની જરૂર પડે તે પગ પ્રત્યે તિરસ્કાર છે.

ટૂંક સમયમાં અમે વગડાઉ ઘાસની જેમ ચડાઈ કરશું,
દરેક ઠેકાણે પણ ધીમે ધીમે
બંદીવાન ઝાડવાં બળવો કરશે અમારી સાથે સાથે
વંડીઓ ગબડી પડશે
ઈંટની દીવાલો ખળભળી અને પડી જશે

પછી કોઈ બૂટ નહીં રહે

તે દરમ્યાનમાં અમે ગંદકી ખાઈએ છીએ
અને સૂતાં છીએ
અમે તમારા પગ તળે રાહ જોઈએ છીએ.
જ્યારે અમે કહેશું – આક્રમણ
શરૂઆતમાં તમને કશું જ નહીં સંભળાય.

૦ ઘુવડનું ગીત

હું હૃદય છું હત્યા કરાયેલ સ્ત્રીનું
જેણે ઘરે જવા ખોટો રસ્તો લીધો
જેનું નિર્જન જગ્યામાં ગળું દબાવી દેવાયું અને દફનાવાઈ નહીં
જેને સિફતથી ગોળી મારી દેવાઈ વૃક્ષ નીચે
જેને વેતરી નખાઈ કરકરી છરી વડે.
અમારામાંથી આવા ઘણાં છે.

મે પીંછાંઓ ઉગાડ્યાં અને તેના દેહમાંથી મારો રસ્તો ચીરી કાઢ્યો.
પીંછાંવાળા હૃદયનો આકાર ઘડાયો છે મારો.
મારું મોં એક છીણી,
મારા હાથ, ગુનાઓ થયા આ હાથ વડે.

હું જંગલમાં બેસી મૃત્યુ વિષે કંટાળાજનક વાતો કરું.:
જોકે મરવા માટેનાં ઘણા રસ્તા છે
ફકત એક જ મૃત્યુ-ગીત છે
ધુમ્મસનો રંગ:
તે કહે છે શા માટે, શા માટે
મારે બદલો લેવો નથી, મારે પ્રાયશ્ચિત જોઈતું નથી,
મારે તો કોઈને ફક્ત પૂછવું છે
હું કેમ ખોવાયું ?
હું કેમ ખોવાયું ?

હું એક હત્યારાનું ખોવાયેલું હૃદય છું
જેણે હજુ હત્યા કરી નથી,
જેને હજુ ખ્યાલ પણ નથી કે તે હત્યા કરવા માગે છે
જે હજુ બીજાઓ જેવો જ છે

હું તેને શોધી રહ્યો છું
તેની પાસે મારા પ્રશ્નોના જવાબ હશે

તે પગલું દબાવતો હશે,
તે સાવધ અને હિંસક હશે
મારા નહોર તેના હાથમાંથી ઊગી નીકળશે
અને પંજા બની જશે,
તે પકડાશે નહીં.

0 આખલાનું ગીત

મારા માટે કોઈ પ્રેક્ષક ન્હોતા
કે ન્હોતું કોઈ પિત્તળિયું સંગીત,
ફક્ત ભીની ધૂળ અને ચિચિયારીઓ
માખીઓની જેમ બણબણતી
ગરજતી.

હું ઊભો રહ્યો
સૂર્ય તળે તમ્મર ચડેલો, ગુસ્સાભેર,
ગરદનના સ્નાયુ કપાયેલ
વિંધાયેલ ખાંધમાંથી લોહી ટપકે.

કોણ લાવ્યું મને અહીં લડવા
આ દીવાલો અને ધાબળાઓ સામે,
આ લાલ અને રૂપેરી સ્નાયુઓવાળા ઈશ્વરો સાથે,
જે મને ક્ષુબ્ધ કરીને નાસી જતાં ?

હું પાછો વળું છું અને
મારાં શીંગડાંમાં કાળાશ ગંઠાઈ જાય.
એક ભૂલ કરી મેં,
મારી જાતને આ લાકડાના પીપ જેવી ખાલમાં બંધ કરવાની.
ચાર પગ ખંભાઓની જેમ બહાર ધસી આવેલા.
હું ઘાસ જ ચરતો રહ્યો હોત.

માખીઓ ઊડી અને વિરમી ગઈ
હું ખપી ગયો, મને ઢસડી કઢાયો,
એક ગાંસડીબધ્ધ માંસનો લોચો
ઈશ્વરોને ઈનામ આપાયું
મારા શરીરના નકામા હિસ્સાઓનું

તેમના માટે તો આ કામ પૂરું થયું.
આ મારું મૃત્યુ એક રમત
ન સાચે ઘટેલી ઘટના કે ન નાટકનો અંક
પણ જે મોહક સંસ્કારિતા સાથે તેમણે આ કપટ આચર્યું છે
તે તેઓને ન્યાયસંગત ઠેરવે છે.

0 કાગડાનું ગીત

ખેતર માથેના સુક્કાભઠ્ઠ તડકામાં
જ્યાં મકાઈ કોહવાઈ છે સુકાઈ ગઈ છે
તમે પીંજેલા ઊન જેવા અને નજીવી બાબતે ઝઘડી પડતા
મારા લોકો, વધુ કશું બચ્યું નથી તમારા માટે,
જોકે
જોકે

મારા તપસ્વી કાળા ગણવેશમાં
મેં ઝંડો ઊંચો કર્યો અને
ભરોસાનું હુકમનામું આપ્યું
જે સફળ ના રહ્યું
અને જેની પરવાનગી પણ ન્હોતી.
હવે મારે દેવદૂત સન્મુખ જવું જ રહ્યું
જે કહે છે : જીત,
જે મને કોઈનો પણ વાવટો ફરકાવવા કહે છે
અને તેને તમે અનુસરશો.

મારી અવહેલના કરવા
મારા ગૂંચવાયેલા લોકો,
તમે ઘણા બધા સિદ્ધાંતો સોંસરવા ગયા,
ઘણી બધી આડી-અવળી ગોળીઓ છોડી.
તમારી આંખો વેકરો છે, સંશયવાદીઓ

આ કઠોર ખેતરમાં
તમે ધ્યાન આપો છો
ફકત બીયારણાના વાણીવિલાસ પર
ફળ, ઉદર, કોણી પર


તમારી પાસે ઘણા બધા નેતાઓ છે
તમે ઘણાં બધાં યુદ્ધો લડ્યાં છો,
બધાં જ આડંબરી અને ક્ષુલ્લક,
તમે ત્યારે જ પ્રતિક્રિયા કરો છો જ્યારે તમે અનુભવો છો
જાતની ટાપ-ટીપ કરતા,
જાણે તમેં ડહાપણ ભૂલી ગયા છો, મડદાંઓ...

મને ખબર છે તમને એક ઈશ્વર જોઈએ છે
જે નીચે આવીને તમારું પેટ ભરે અને દંડ આપે
લાકડીઓ પર ટાંગેલો તે ડગલો હવે જીવતો નથી
ક્યાંય દેવદૂતો પણ નથી
પણ ભૂખના ફરિસ્તા
પકડી શકાય તેવા અને નરમ ગળાં
તમને તાકી રહ્યાં છે.

મારા લોકો, હું ભલાઈનો ઉપહાસ કરવા લાગ્યો છું
તમે મારા ભરોસા સાથે કપટ કર્યું છે
અને મને આ રાજકારણમાં એકલો છોડી દીધો છે....

0 અનુવાદ: હરીશ મીનાશ્રુ





ફરાજ બૈરકદાર(સિરિયાના કવિ. જન્મ : ૧૯૫૧) અરબી ભાષાના ‘સાહિત્યિક કર્મશીલ’ કવિ છે. છવ્વીસની યુવાવયે એ નવ્ય કવિઓની રચાનાઓને પ્રકાશિત કરતા સામયિકના સંપાદક બન્યા. ‘તંત્રવિરોધી’ કર્મશીલતાને કારણે ૧૯૮૭માં લશ્કરી ગુપ્તચરતંત્રે કોઈ જ પ્રકારના આરોપ વિના એમની ધરપકડ કરીને એમને જેલવાસમાં ધકેલી દીધા હતા. સઈદનાયાની કુખ્યાત જેલમાં ૧૪ વર્ષ વિતાવ્યા બાદ ‘આંતરરાષ્ટ્રીય દબાણો’ના કારણે ૧૬ નવેમ્બર ૨000માં એમનો છૂટકારો થયો. હાલ સ્વીડનમાં વસવાટ કરતા આ કવિના બે કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. ‘હેલમન એવોર્ડ ૧૯૯૮’ અને ‘પીઈએન- ફ્રીડમ ટૂ રાઈટ એવોર્ડ’થી એમને નવાજવામાં આવેલા છે. એમની કવિતા બંદીખાનાનાં વીતક અને વિદ્રોહની કવિતા છે.

(કવિતાના અનુવાદ સિનાન અન્તૂનના અંગ્રેજી અનુવાદના આધારે)

0 ગેરમોજુદગીના અરીસા

(દીર્ઘ કાવ્યના થોડાક અંશો)

૧

આ અરીસા હોઈ શકત
વિશુદ્ધ વરસાદ
અથવા તો વિશુદ્ધ મૌન
પણ વસ્તુઓ પથ્થરની બનેલી હતી
દેશકાળનો ખણખણાટ
રક્તરંજિત હતો એ વસ્તુથી
જે મળતી આવતી હતી
દીવાનગી અથવા ઈશ્વરને

૨

આભાર એમનો.
જેમણે જવાનું છે
આભાર એમનો
જેમણે આવવાનું છે
આભાર એમનો
જે શિકાર થઈ જાય છે ચુપકીદીના
ને ક્યારેય પાછા ફરતા નથી
ક્યારેય નહીં

૪

આ હૃદય છે એક ઘંટ
ને એનો દેહ એક દેવળ
નેત્રો નિમીલિત છે
એ નારી પ્રત્યે
જેણે પહેરી છે પોતાની ઉદાસી
ને
જે એ પાછો ફરે એ માટે
સામેલ છે
અશ્રુઓની આ સમૂહપ્રાર્થનામાં

૯

કોઈ આઝાદી નથી
આ સ્થળની બહાર
પણ એ રૃદન કરે છે
જ્યારે ક્યારેક એ સાંભળે છે ચાવીઓને
પોતાનાં તાળાંઓમાં ખિલખિલાટ કરતી

૧૦

દીવાલની આ બધી તિરાડો જે તમે જોઈ રહ્યા છો-
મારી આંખોની કોતરણી છે
વર્ષોથી
એને તાકી રહ્યાં છે એ લોકો
કોઈ અર્થ નથી એને ગણવાનો

૧૧
સમય
તારીખ વિનાનો
સ્થળ
દિશાઓ વિનાનું
ઓ નારી
ચાલી જા !
અહીં કશું જ મોજૂદ નથી
ગેરમોજુદગી વિના

૧૨
આ રીતે
કેદખાનું છે સમય
તમે આરંભના દિવસોની નિશાનીઓ આંક્યાં કરો છો
ભીંત પર
પરંતુ જ્યારે વર્ષ બની જાય છે
એક લાંબીલચ ટ્રેઈન
સિસોટીઓ વગાડીને કંટાળી ગયેલી
સ્ટેશન વિષે નિરાશ
ત્યારે તમે અજમાવો છો બીજું કશુંક:
ભૂલી જવું

૧૬
અહીં નથી કોઈ સૂર્ય
મારી જાત મને લાગે નગ્ન
નથી કોઈ નારી
મારી જાત મને લાગે નગ્ન
મારા વિના

૧૮
મને શી રીતે જોઈ શકું હું
જ્યાં હું તો હોઉં છું હરહંમેશ મારી સાથે ?
નજ્રો ના ભણશો આ દર્પણને !
દર્પણ
અરે જેને હું આલેખી રહ્યો છું તે સુધ્ધાં
કેવળ ગણતરી કરી શકે મારી
અથવા બનાવી શકે મને એક
હું એના જેવો નથી
હું કંઈ નહીં-ની દશામાં છું
એ ગમે તે હોય.

૨૩
આ કોનો જનાજો છે ?
ચાલતાં ચાલતાં મેં એક વૃદ્ધને પૂછ્યું
- મારા દીકરાનો
એણે જવાબ આપ્યો
ને ત્યાં જ ખોડાઈ ગયો
કબરના શિલાલેખની પેઠે

૨૯
અહીં અને ત્યાં
દીવાલ પર
માર હૃદય પર
રાત્રિ અને પવન પર
દરવાજાઓ, તારીખો અને પગથીઓ પર
ભય, નિરાશ અને શૂન્યતા પર
આંખો
કાળાશ સમાન ઊંડી
વિપત્તિ સમાન કાળી
ચુપકીદી સમાન વિનાશકારી
ચિત્કાર સમાન ચૂપ
એની પહેલાં ને પછી કશું જ નહીં
સિવાય કે તૂટેલાં બૅનરો-પતાકાઓ
ઈશ્વર અને હું
અડખેપડખેની કોટડીઓમાં

૩૦
અગિયાર લણાયેલાં મરુથળો
સ્ત્રીના પડછાયા વિહોણાં
ચાર હજાર પ્રલંબ રાત્રિઓ
પ્રભાતના પલકારા વિનાની
લાખ લાખ લોહી ટપકતા પ્રહરો
જેમાં કેવળ રેત, કંટકો અને વીંછીઓ
સાંઈઠ લાખ વકાસેલાં મોઢાં
ચાકુની અણીએ
પાગલપણાની આ લોહિયાળ મેચ તો
ચાલ્યા જ કરે છે
મરણના વરૂઓ
અને જીવન મૃગશાવકો વચ્ચે

૩૧
હા, ઓ ભગવાન !
આ સિરિયા છે
અમે શી રીતે પહોંચાડશું
અમારી સહાનુભૂતિ તારા સુધી ?
કયાં વાદળોથી રૂદન કરશે તું ?

૩૪
હવે મારી ઉમર થઈ ચૂકી છે
ખાઈની છેક ધારે પૂરાં છેંતાલીસ નર્તન
જેટલું એક તીર વર્ણવે છે
પોતાના શિકારને
એથી વધુ વર્ણવતી નથી મને
મારી કવિતાઓ



૩૫
ના
ઈશ્વર નહીં
પરંતુ સ્ત્રી
ઘઉં અને ખર્નુબનો* રંગ
સ્ત્રી
દૂધ અને કોફીની વચ્ચે
અવાજ અને ચુપકીદીને વચ્ચે
પરોઢે એણે મને શીખવ્યું ગુલાબ
ને રાત આવી પહોંચે તે પહેલાં
મને શીખવ્યું વાવાઝોડું

(* ખર્નુબ= સીંગોવાળું એક વૃક્ષ)

૩૭
આઝાદી એક માતૃભૂમિ છે
અને મારો દેશ છે દેશવટો
હું મારો વિરુદ્ધાર્થી છું
મારી માના ધાવણથી લખેલું
આ છે મારું સોગંદનામું
જેની પર મારેલી છે
મારી બધી જ સાંકળોની મ્હોર


૩૮
હું કવિતાની અંદર સંતાઈ જાઉં છું
અને બહાર ખોળું છું ખુદને
પણ ક્યારેક ક્યારેક બેઈમાની કરીએ છીએ અમે
એ મને બોલાવે છે પોતાની શૈયા પર
હું જાઉં છું

એ ઉતારે છે પોતાનાં વસ્ત્રો
ને હું, મારાં
એ મને પ્હેરી લે છે
ને હું રહી જાઉં છું નિર્વસ્ત્ર

૪૦
આ ન તો તરફદારી છે
ન તો શેખી
આ દુનિયામાં અથવા
એની પારની દુનિયામાં
આથી મોટું
બીજું કોઈ કબ્રસ્તાન નથી
જેને હું કહું છું
મારો દેશ

૪૨
જો ખુદ પર નથી મારો અખત્યાર
તો મારે શા માટે આશા ન રાખવી જોઈએ
અસંભવ પાસે ?

૪૭
ભાગ્યશાળી છે તું, સ્ત્રી
પાંખો નથી મારે કને
શી રીતે હું ચિત્ર બનાવીશ આકાશનું
આકાશ નથી મારી કને
શું કરીશ હું પાંખોનું ?



૫૪
એકાદ એકાકી પંખી જ પૂરતું છે
આસમાનને
પડતું રોકવા માટે

૫૭
એના હોઠ પર હાસ્ય છે
અને આખોમાં આંસુ
તસવીરમાંથી
પોકારે છે એ :
ડેડી !



૭૮
વૈજ્ઞાનિક અને પૂજારી
ઈતિહાસકાર અને દાર્શનિક
ભવિષ્યવેત્તા, નેતા અને જ્ઞાની
પક્ષો
સંપ્રદાયો
અને સેનાઓ
પરંતુ સત્ય નહીં

૯૨
કાશ, હું એક સાથે પી શક્યો હોત
ચાર ચાર સિગરેટો:
જન્મ
પ્રેમ
આઝાદી
અને મૃત્યુ
જેલર
મને પી લેવા દે આ
ને ચાલુ રાખ વાતચીત, મારે સાથે

૯૩
થોડી વાર પહેલાં મેં એક સંતરું નીચોવ્યું
મારા હૃદયની જેમ
એમાં થોડો ભડકતો દારુ ભેળવ્યો
અતીતની જેમ
એક ઊંડો શ્વાસ લીધો
એક લાંબી ને પતલી સિગારેટ સળગાવી
જેની ધૂમ્રસેરો એ નારીની સ્મૃતિ સમાન છે
જેને હું કદીક ઓળખતો હતો
પછી હું સ્હેજ હસ્યો
મને ખુદને આશ્ચર્યમાં નાખવા માટે
નમસ્કાર, જિંદગી
નમસ્કાર, મિત્રો
નમસ્કાર મને પણ
આજ રાતે મેં આપ સૌને નોંતર્યા છે
મારી કેદના
પંદરમા વર્ષના ઉદ્‌ઘાટન માટે
આપમાંથી કોણ કાપશે આ રિબિન
કાંટાળી વાડની ?
મારી ઉદાસી બદલ મને દોષી ન ઠેરવો !
હું મારા માટે ઉદાસ નથી

બસ દુઃખી છું કે
કેટલાં શિશુઓ અવતરી ચૂક્યાં છે વચગાળામાં
હું પીવા ચાહતો હતો એમની તંદુરસ્તીના નામ પર
અને રોવા ચાહતો હતો
વીતેલા સમયની સ્મૃતિમાં

૯૯
હું દાખલ થયો'તો આ કેદખાનામાં
પૂરેપૂરો તૈયાર
મરવા માટે
હવે, જ્યારે આટલાં વર્ષો પછી
સ્વપ્ન સજાવ્યું છે મેં વિદાયનું
પૂરી રીતે તૈયાર છું
જિંદગી માટે

(સઈદનાયા જેલ ૧૯૯૭-૨૦૦૦)



O વિજય કુમાર:



(જ. ૧૧ નવેમ્બર ૧૯૪૮, મુંબઈ). હિંદી સાહિત્યના જાણીતા વિવેચક અને કવિ શ્રી વિજયકુમાર બેંકમાં અધિકારી તરીકે સેવા બજાવી, હાલ મુંબઈમાં નિવૃત્તિ ગાળી રહ્યા છે. તેમના કાવ્યસંગ્રહો: અદૃશ્ય હો જાયેંગી પત્તિયાં (૧૯૮૧), ચાહે જિસ શક્લ સે (૧૯૯૫), રાત પાલી (૨૦૦૬), મેરી પ્રિય કવિતાએં: વિજય કુમાર (૨૦૧૪) પ્રગટ થયા છે. તેમજ તેમણે સાઠોત્તરી હિન્દી કવિતા કી પરિવર્તિત દિશાયેં (૧૯૮૬), કવિતા કી સંગત (૧૯૯૬), અંધેરે સમય મેં વિચાર (૨૦૦૬), મલયજ (૨૦૦૬), ખિડકી કે પાસ કવિ (૨૦૧૨), કવિતા કે પતે ઠિકાને (૨૦૧૪)નામક વિવેચન સંગ્રહો પણ આપ્યાં છે.
તેમને કવિતા માટે 'શમશેર સમ્માન' (૧૯૯૬), 'કવિતા કી સંગત' માટે 'દેવીશંકર અવસ્થી સમ્માન' (૧૯૯૭), સમગ્ર લેખન માટે 'પ્રિયદર્શિની અકાદેમી સમ્માન' (૨૦૦૮), મહારાષ્ટ્ર હિન્દી અકાદમી સમ્માન (૨૦૧૨) વગેરે સમ્માનો પ્રાપ્ત થયાં છે. અહીં તેમનાં કેટલાંક કાવ્યો માણીએ. (કવિ સંપર્ક: vijay1948ster@gmail.com)

0 અશાંત મૃત્યુ

કેટલાક લોકો આજીવન અશાંત અવસ્થામાં જીવ્યે રાખે છે. એક દિવસ તેઓ ગુજરી જાય છે અને મરણ બાદ તો પહેલાં કરતાં પણ વિશેષ હઠીલા જણાતા હોય છે. ઘણી જ અસુવિધાજનક જગાઓમાંથી એમને ઉપાડવામાં આવે છે. ક્યારેક રેલગાડીના પાટા પરથી, ભીતરથી બંધ સાંકળવાળા એકાકી ઓરડામાંથી, કો'ક કૂવાના અજ્ઞાત અંધારામાંથી, ક્યારેક કો'ક ઊંચી અને ભવ્ય ઇમારતની પછવાડેથી. એક ફરિયાદ જાણે નોંધાયેલી હોય છે એમના ચહેરે. જેની લખાવટ પણ બરાબર વાંચી શકાતી નથી. સાથે ચાલવાને ના પાડતા જબરજસ્તી થોડીએક જગા રોકીને બીજાની સ્મૃતિમાં એક વજનદાર પથ્થરની જેમ લટકી જવા ઇચ્છે છે. કાંધે ઊંચકી લોકો એને શહેરની બહાર લાવે છે અને તેઓ આખે રસ્તે રિસાયેલાં બાળકો જેવા લાગે છે. બીજાને ધમકાવતા હોય એવા લાગે છે. એમના ખેંચાયેલા ચહેરા કો'ક ભરપુર શ્રાપ આપવા ચાહે છે. એમના તણાયેલાં હાડકાં સીધાં કરાય છે ત્યારે તડ–તડ અવાજ આવે છે. ત્યાં સમય થંભી ગયો હોય છે. એમની આંખો ખુલ્લી રહી ગઈ હોય છે. જાણે કોઈ નજારો ન દેખતી હોય ! અશાંત જણાતા આ લોકો બીજાંના જીવનની સૌથી ખરાબ ઘટના જેવા હોય છે. એક અશાંત માણસના મરણ બાદ એની સાથે કોઈ પ્રકારનો બદલો લઈ શકાતો નથી. એમનાં રહસ્યોને કંઈક કંઈક સમજી શકાય છે કે જે એને અશાંત બનાવી રાખે છે. આપણે જ્યારે એ રહસ્યોને સમજવા લાગીએ છીએ ત્યારે આપણને સમજાય છે કે, જે દિવસે એક અશાંત મૃત્યુ થાય છે – માત્ર દેવદૂતોનાં અશ્રુ વર્ષી રહ્યાં હોય છે, શહેર આખામાં ધીમા વરસાદની જેમ...

0 આપ કંઈક કહેશો કે

આપ અમને એ ગુસ્સા બાબત કહો કે
જે આપમાં
થોડોઘણો પણ બાકી છે.

આપ અમને આપના અનુભવો બાબત કહો કે
જે આપની પોતાની કમાણી હતી
જે આપ વહેંચવા માગતા હતા

આપ અમને એ થાક બાબત કહો કે
જેમાં એક જિવાયેલું જીવન છુપાયેલું છે
પણ જે 'બોર્નવિટા'ની જાહેરાત નથી

➲

આપ જો સવારે જાગીને વિચારતા હો કે
આ સવાર પાછલી સવારથી જુદી નથી
તો ઠીક ઠીક જણાવો કે
પાછલી સવાર કેવી હતી
તમે કઈ જગાએ સૂતેલા
ને કેમ કરતાં કો'ક બીજી જ પથારીમાં આંખ ઉઘડી હતી

આપ આપની સાધારણ મૂર્ખતા બાબત અમને કંઈક કહોને
આપ અમને એ ખાલી જગાઓ બાબત જણાવો કે
જેમાં કઈક ને કઈક ઠાંસવામાં આવ્યું હોય
આપ અમને એ અવસરો વિશે કહો કે
જે આપ ચૂકી ગયા
જેનું દુ:ખ પણ પછી આપને વિસરાઈ ગયું

જુઓ, આપની એક જૂની અરજીમાં
ધૂળથી ઢંકાયેલું એક દુ:ખ છે
કારણ કે આપ ચાર રસ્તે આકાશને તાક્યા કરતા હતા
અને એકલા એકલા કંઈક બબડ્યા કરતા હતા
આપ અમને કેટલીક મામૂલી અડચણો
તરાપો, તકરારો, અબોલાં બાબત કહો, કે પછી
કશુંક પેલી ચુપકીદીભરી કોમળતા બાબત
જે જૂના નાના સિક્કાઓની જેમ ઘસાતી ગઈ
અને ચલણમાંથી ચાલી ગઈ.

આપ થોડાક નજીક આવો ને
જુઓ, ઉદાસી એક શબ્દ છે
એક પ્રાચીન શબ્દ
અને આપ કશું જ જાણતા નથી
આપ આપના અપમાન
ચુપકીદીભર્યાં વિસ્મરણ અને –
અને આપના મકાનની બારીઓ બાબત કંઈક જણાવો
ક્યારેકની રાતવરત ઊડી જતી ઊંઘ બાબત
સપનામાં પોતાના હાથના અદૃશ્ય થવા બાબત
અને દબાયેલી એક ચીસ બાબત કંઈક કહોને

નહીંતર આપ પોતાની સૌથી સરળ વાતો વિશે જણાવો
એટલે કે પોતાની આંખો વિશે કહો
જેમાં ક્યારેક ભૂરી દમક હતી.



હું આપને પૂછી રહ્યો છું
આપને
આપ કે જેઓ ઘડાઈ ચૂક્યા છો જીવતરના ખેલમાં
આપ કે જેઓ સંતાનોનાં લગ્નો કરો છો ધામધૂમથી
વ્યાજે રકમ લઈને મકાન ઊભું કરો છો
વિમા પોલિસી ભરો છો

અને હસતા રહો છો હંમેશ
આપ કે જેઓ ધીરજથી એક હરોળમાં ઊભા છો ક્યારના
આપ કે જેઓ એકાદ પળ પણ એકલાં નથી પડતા
ત્યારે પણ નહીં કે જ્યારે અંધારા બોગદામાં હોય છે ટ્રેન
આપ કે જેની ઊંઘમાં જ ચુપચાપ પસાર થાય છે સ્ટેશનો
આપ કે જેઓ કશું જ જાણતા નથી
પોતાના મૃત્યુ વિશે પણ નહીં

તો પછી આપ આપની ક્ષમાયાચનાઓ વિશે કહોને

આપ કંઈક તો કહો
અમે સૌ ઊભા થાશું
અને બે મિનિટનું મૌન પાળીશું.

0 આપણે કોની રાહ જોઈ રહ્યા છીએ ?

આપણામાંનાં ઘણાં હવે ચાળીશી વટાવી રહ્યાં છે
કેટલાંક તો પચાસની લગોલગ પહોચ્યાં છે
એનો અર્થ એટલો થાય કે પહેલાં આપણે દાદરની નીચે ઊંઘતા હતાં
કેટલાંક સપનાં જોતાં હતાં
એવાં સપનાં કે જે માનવતાની ભલાઈના હતાં
હવે આપણે એવાં સપનાને કાંખમાં દબાવીને
ઊંઘમાં દાદર ચઢતાં
બીજાને ધક્કા મારતાં
ઉતાવળે ક્યાંક પહોચવા માગીએ છીએ

ક્યારેક આંખો ઉઘડતાં
આપણે જોઈએ છીએ કે આપણાંમાંથી કેટલાંકના ચશ્માંના નંબર વધી ગયા છે
કેટલાંકને ફાંદ નીકળી આવી છે
કેટલાંક ડાયબિટિસ કે બીપીના દર્દી થઈ ગયાં છે
કેટલાંક જે પાછલા વર્ષે લેનિનની મૂર્તિ પાડી નખાતા ઉદાસ થયાં હતાં
આ વર્ષ
એક–બીજાની નાની નાની સફળતાઓની
ઈર્ષ્યા કરવામાં વિતાવી રહ્યાં છે



આપણાંમાંથી કેટલાંકનાં મકાનોમાં એકાદ ઓરડો વધુ છે
પોતાની ખાનગી વાતોમાં એ બાબત હવે કહેવા લાગ્યાં છે
કેટલાંક તો ઉનાળામાં પહાડો પર પણ જઈ આવે છે
એ વિશે પણ આપણને એમની પાસેથી જ જાણવા મળે છે
આપણાંમાંથી જે હજીય પુરસ્કૃત નથી થયાં
એમને એ જ વાતનો રંજ છે
છાસવારે એઓ પુરસ્કૃત લોકોને પજવતાં રહે છે
કેટલાંક તો જુઠાણાં, ચાપલૂસી અને કારણ વિના હસવાને
હવે ખોટું નથી સમજતાં

કેટલાંક છે જે હજીયે મિજાજ બતાવે છે
તો તક મળતાં ક્યારેક ક્યારેક દયામણાં પણ થઈ જાય છે

આમ જોઈએ તો
આપણી સૌની ભીતર એક અલગ પ્રકારની એકલતા છવાઈ રહી છે
ચાલીશ–પિસ્તાળીશની ઉંમર પછીની
પણ આપણે ઓળખી શક્તાં નથી
આપણાં સૌનાં બાળકો
ધીમે ધીમે આપણાં જીવનમાંથી બહાર નીકળી રહ્યાં છે
કેટલાંક તો આપણું અવારનવાર અપમાન પણ કરે છે
આપણાંમાંથી કેટલાંકે
પોતાનો શયનકક્ષ ... સૂવાનો ઓરડો
સંતાનોને સોંપી દીધો છે
કેટલાંક પોતાની પથારી સમેટીને
કોઈક ખૂણામાં સંકોચાઈ ગયાં છે
આપણાંમાંથી કેટલાંક
પાછલાં કેટલાંક વર્ષથી ઊંઘ્યાં જ નથી
સ્ત્રીઓ, જે આપણાં જીવનમાં આવી
એમને પ્રાચીન ઋષિઓના શ્રાપ ફળ્યા છે
આ ઉંમરે આપણને સમજાવા લાગ્યા છે
પોલીસ સ્ટેશન, હોસ્પિટલના જનરલ વોર્ડ,
લોકલ એમ એલ એ, લેભાગુ રાજનેતા, સરકારી અરાજકતા
દિવસ–રાત ખુલ્લી રહેતી દવાની દુકાનો
છાપાથી જન્મતો કંટાળો
રેડિયો પર જૂનાં ફિલ્મી ગીતો
અને ક્યારેક ક્યારેક
એક પાર્કની ઉદાસ એકલી બેંચનો
આપણા જીવન સાથે નિકટનો નાતો છે

જીવન એક અજબનો ગોરખધંધો છે
આપણે આત્મવંચના રાચનાર લોકો છીએ
ક્યારેક કોઈક મળી જાય છે વરસો પછી
રસ્તામાં તો કહે છે
આપણા હાથ–પગની ચામડી હવે સંકોચાવા લાગી છે
ક્યારેક–ક્યારેક પેટમાં વાયુનો ગોળો પણ બની જાય છે
થોડીક સ્થાયી કિસમની માયૂસી સાથે
હવે આપણે આત્મસંતુષ્ટ ને એકધારી જિંદગીથી ટેવાવાં લાગ્યાં છીએ
તેમ છતાં કોઈ એ વિશે એક–બીજાને વાત નથી કરતાં

દિવસો પહેલાં કરતાં વધારે ટૂંકા છે
પહેલાં કરતાં ઓછી છે, હવે મિત્રોની સંખ્યા
આસ્તે–આસ્તે કોઈ ટેલીફોન રણકે છે અંદરના ઓરડે
આ એ જ રિસેપ્શનિસ્ટ છોકરીનો હોવો જોઈએ



જેની સાથે પાછલા ડિસેમ્બરમાં મેટિની શોમાં બે–ચાર જૂની ફિલ્મો જોઈ હતી
આ ટેલીફોન એ જ ખરબચડા માણસનો હોવો જોઈએ
જે આપણા ખભા પર માથું ટેકવીને રડ્યો હતો ગઈ રાતે સપનામાં
ટેલીફોન રણકે છે, કપાઈ જાય છે, રણકે છે, કપાઈ જાય છે.
કોઈ કહેતું નથી
ફટાફટ તું ચાલ્યો આવ, દોસ્ત! ચાલ બિયરની ઉજાણી કરીએ. આ દુનિયાની તો માનો...

પણ જીવન કઈ એટલું રંગીન નથી
આપણે ચાળીશની પાર પહોંચી ગયાં છીએ
આપણે મુક્ત નથી
માંહ્યથી કોરાઈ રહ્યાં છીએ
આપણે એક વજનદાર પથ્થરની જેમ
સમયની નદીમાં ડૂબી રહ્યાં છીએ
આપણાં સૌના ઓરડામાં મહાન લેખકોની કેટલીક ચોપડીઓ છે
આ જ ચોપડીઓની પાસે મૂકી છાંડી છે વિટામિન બી કોમ્પ્લેક્સની ગોળીઓ

પણ આપણને કશું જ ના મળ્યું
આપણી પાસે થોડીક ચતુરાઈ છે
શબ્દ સૂકાં પર્ણોની જેમ ખરે છે
આપણાં આ બટકણા અહંકારનો ક્યારેક–ક્યારેક વિસ્ફોટ થાય છે
પણ માત્ર થોડોક ધુમાડો નીકળે છે ચ્હાના ટેબલ પર
આપણે પરસ્પર હવે ખુલ્લા મને લડી પણ શક્તાં નથી
અજબની એક કડવાશમાં ઉદાસ થઈ જઈએ છીએ

દિલ્લીથી કહે છે એક દાઢીવાળો દોસ્ત
આ કેન્દ્ર–વિમુખતાનો સમય છે
કયું કેન્દ્ર? કઈ વિમુખતા?
.... ની જેમ હવે કોઈ ચીસો પાડતું નથી આ વેરાનતામાં
કોઈ ડરતું નથી
ક્યાંય કોઈ ગભરામણ નથી
મુસાફરીમાં એક પાતળો ઝીણો અવાજ આવે છે
કેબિનમાં હવાનું દબાણ ઓસરતાં
ગૅસ માસ્ક આપમેળે નીચે આવી પડશે
કૃપયા માસ્કને મોઢા પર લગાવશો
અને જોરથી શ્વાસ લેશો
આપણે જોરથી શ્વાસ લઈએ છીએ
પણ હવા છે કે મળતી જ નથી



થાકીને આપણે ઊંઘી જઈએ છીએ
આપણે ઊંઘીએ છીએ રેલગાડીમાં, બસમાં
ક્યારેક ક્યારેક તો પ્રતીક્ષાલયોમાં પણ
ઊંઘતાં આપણે કોઈક વાતની રાહ જોઈએ છીએ
આપણે કઈ વાતની રાહ જોઈએ છીએ
શું ચાળીશથી પચાસના થવાની?

0 જળનું ઝીણું શિલ્પ જુઓ

(આસ્વાદ)

0 અનિલ વાળા



0 જળ કેવાં લાગ્યાં ?

ગંગા જમના નાહ્યાં
જળ કેવાં લાગ્યાં ?
        તીખાં, ખાટાં, તૂરાં, મીઠાં ચાખ્યાં કંઈ ?
        ઉઘડ્યા કોઈ દરવાજા કે વાખ્યા કંઈ ?
પામ્યા કૂચી-તાળાં
જળ કેવાં લાગ્યાં ?
        જળને તળિયે છીપ હતી, કંઈ છાપ હતી
        જળ ભીતર કંઈ કમળ-વમળની વાત હતી
જાણી જળની ભાષા ?
જળ કેવાં લાગ્યાં ?
        ચડતાં જળને ખાળ્યાં ? ખાળે પૂર્યાં કંઈ ?
        પડતાં જળને વાળ્યાં ? વાડે પૂર્યાં કંઈ ?
બાંધ્યા વચ્ચે પાળા ?
જળ કેવાં લાગ્યાં ?
        બેઉ જળના મિલનપ્રદેશે પેઠા કંઈ ?
        જાણ્યા બેઉના પરવત, દરિયા નેઠા કંઈ?
સમજાણી કંઈ માયા ?
જળ કેવાં લાગ્યાં ?

0 સ્નેહી પરમાર

પંચતત્ત્વો વિષે જળ તત્ત્વની મહત્તા જરા જુદી રીતે અને જુદા પ્રકારે અંકે કરવી પડે. પ્રશ્નાવલંબન લઈને કવિશ્રી સ્નેહી પરમાર ગીતના ઊંડાણને અને શબ્દની ઊંચાઈને તાગવાનો પ્રયત્ન કરતા હોય, એવું અહીં ભાવકને જણાશે. ત્રિકલનાં દ્વિખંડ આવર્તનથી આરંભાઈને ષટકલના ચાર અંતરામાં આ ગીતનું શિલ્પ રચાયું છે. આપણી સંસ્કૃતિ નદીકાંઠાની સંસ્કૃતિ છે, કહો કે જળની સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિની છાપ કવિચિત્ત પર આ ગીત નિપજાવવા માટે અસરકારક અને કારગત સાબિત થઈ છે. ‘ગંગા-જમના નાહ્યાં‘ એ આપણો પરંપરાપ્રણિત વિધિ છે અને પછી તરત પ્રશ્ન છે- જળ કેવાં લાગ્યાં? અમુક અનુભૂતિ વૈયક્તિક અને નિ:શબ્દ હોય છે. એટલે તરત આવતા બીજા અંતરામાં કવિ તીખા અને માર્મિક પ્રશ્નાર્થો ચીંધે છે. જીભનાં ષડ્‌રસદર્શનમાંથી અહીં ચતુર્રસ સમાવિષ્ટ થયા છે. જોકે, ગંગા-જમનાને ઈડા-પિંગલાના પર્યાય રૂપે લઈએ તો અહીં સુષુમ્ણા સાધવાની સાધક વાત બાધક રીતે કહેવાઈ છે. પ્રથમ અંતરાની બીજી પંક્તિ આ દિશા ચીંધે છે. પંચ મનેન્દ્રિયને તાગવાની વાત કવિએ ખૂબ જ સહજ બાનીમાં કહી દીધી છે. ગીતના પરંપરિત સ્વરૂપનો ત્યાગ કરીને અહીં ગીત ‘ક્રોસ વર્ડ પઝલ’ જેવું બની જાય છે. જો કે કવિને માટે તો જળ સ્વયં એક પઝલ છે. અને જળના સળ ઉકેલતાં ઉકેલતાં જ શબ્દ દ્વારા શિલ્પ રચાઈ ગયું છે. ‘આં’કારાન્તની સમગ્ર ગીતમાં થતી પુનરાવૃત્તિની લીલા તો ધ્યાનાર્હ છે જ. પરંતુ, બીજા અંતરાનાં છીપ અને છાપની સુસંગતતા અને કમળ-વમળની વાતની આંતર પ્રાસાત્મક સંયોજના પણ સમભાવપૂર્ણ આલેખાઈ છે અને એટલે વમળ સાથે કવિ પ્રશ્ન કરે છે કે ‘જાણી જળની ભાષા?’ ઉમાશંકર એમ કહેતા હોય કે, ‘કવિતા આત્માની માતૃભાષા છે’ અને સકલ સંસાર એમ કહેતો હોય કે ‘મૌન એ પ્રેમની ભાષા છે તો એની સામે મારે એમ કહેવું છે કે, ‘જળ એ કારયિત્રીની ભાષા છે !’ આ ભાષા ઉકેલાય તો કદાચ કવિતા લાધે ! આપણને તરત જ કવિ વિનોદ જોશીનું ગીત યાદ આવે. મારી વાતના સમર્થન માટે એમની પંક્તિઓ હું અહીં ટાંકું છું :

'તું મીંઢળ જેવો કઠણ ને હું નમણી નાડાછડી,
તું શિલાલેખનો અક્ષર ને હું જળની બારાખડી !'

- હવે બોલો, 'જાણી જળની ભાષા ?'ચડતાં જળને ખાડે પૂરવાં અને પડતાં જળને વાડે પૂરવામાં ગતિશિલ ચિત્રાત્મકતા આપણને લાધે છે. પણ, આ વાડ અને ખાડો બાધ્ય છે. એટલે મનુષ્યચેતના વહેંચણી દ્વારા જે નફ્ફટાઈ દર્શાવે છે એ નફ્ફટાઈ જળની વચ્ચે પાળા બાંધવાની વાતથી વ્યક્ત થાય છે. એક ખૂબ જાણીતી કહેવત છે, 'ડાંગે માર્યાં પાણી જુદાં ન થાય'. એમ છતાં અલગ અલગ કૂળ-મૂળમાંથી જળને મળવું છે, જળની સાથે. જળની નિયતિ જળ છે. કાવ્યારંભે ગંગા-જમનાની જ વાત થઈ. 'સરસ્વતી' ભુલાઈ ગઈ. અથવા કહો કે 'સરસ્વતી' નદીનો ઉલ્લેખ જાણી-જોઈને ખાળવામાં આવ્યો. કેમ કે 'સરસ્વતી' કુંવારકા નદી છે, એ દરિયાને મળતી નથી. જે નદી દરિયાને ન મળે, એ નદીની જળઝંખા તો રણમાં જ સમાપ્ત થઈ જાય છે. નદી તો દરિયાનું સરનામું આપમેળે જ શોધી લે. અને છેલ્લે, આ બધો પ્રપંચ કેમ ? આ બધી માયા જળને જાણવાથી કદાચ જાણી શકાય.

આ છે જળનું નાજુક-નમણું શિલ્પ !

o આ અંકના ફોટો-કલાકાર



ઝોકા લોરિન્ઝ
(Zsóka Lőrincz)

હંગેરીના બુડાપેસ્ટ શહેરમાં વસતા ફોટોકલાકાર ઝોકા લોરિન્ઝ (Zsóka Lőrincz) પાછલાં ૧૦ વર્ષથી ફોટોગ્રાફી કરી રહ્યા છે.

પોતાની કેફિયતમાં તેઓ કહે છે :" હું હૃદય અને આત્મા દ્વારા ફોટોગ્રાફી કરવાની કોશિશ કરું છું. કેમેરા એ જોઈ નથી શકતો જે હું સંયોજવા માગું છું અને જે મારી ભીતર છે"

તેમનું કામ ફોટોબ્લર(http://www.fotoblur.com/people/erzso) તથા 500px (https://500px.com/zslorincz) વગેરે સાઈટ પરથી માણી શકાય છે.

તેઓ 'નિસ્યંદન' સાથે જોડાતા કહે છે : I have to say, it is very honorable to show my works in this place and I just thanks so much the editor !
I wish you many joyful moments with these photos!





O શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન, અમદાવાદ-સાવરકુંડલા દ્વારા એનાયત થતો વર્ષ ૨૦૧૫નો સ્વ. નાનાભાઈ હ. જેબલિયા સ્મૃતિ પુરસ્કાર બગસરાના યુવા કવિ શ્રી સ્નેહી પરમારને પૂ. મોરારિબાપુના વરદ હસ્તે તા. ૭-૧-૨૦૧૫ના રોજ સાવરકુંડલા મુકામે એનાયત થયો.

O સાહિત્ય અકાદમી દ્વારા તા.૨૧-૨૨ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ ઈમ્ફાલ(મણિપુર) ખાતે 'All India Poetry Festival' યોજાયો. જેમાં ગુજરાતી ભાષાનું પ્રતિનિધિત્વ કરતા કવિ યોગેશ વૈદ્યએ કાવ્યપઠન કર્યું.

Video Link :
https://www.youtube.com/watch?v=yfclczZSE4o



O આપના પ્રતિસાદ......

O Dear Yogesh, I am thrilled to see the copy of your latest E-magazine. Many thanks to you for including my photographs. They look excellent amongst the poetry. I only wish I could read the words too as I am sure they are beautiful poems.
Thank you again for your interest in my photographs - I really appreciate your support too. Kind regards **- Janet Storer**

O ભાઈ યોગેશ, જયંતભાઈ મેઘાણીએ મને ઑક્ટોબરનું 'નિસ્યંદન' મોકલ્યું. પહેલાં તો સંકટ સમયની સાંકળમાં કે કા શાસ્ત્રી સુધી પહોંચી ગયો: સમજાયું પછી એના ટપકતા વરસાદની ઝરમરમાં ભીંજાયો, અને ઝીણી ઝીણી હળવે હળવે ઝરતી અદીઠ મીઠાશમાં ખોવાઈ ગયો...મજા પડી ગઈ. સંપાદકની પસંદગી, કલ્પના અને સજાવટ અને જેનેટબેનની દૃષ્ટિનું સુંદર સર્જન મનમાં વસી ગયું. તમને બંનેને અને બીજા સૌ સાથીઓને ઝાઝા જુહાર ! **- સુધાકર શાહ**

O Commandable job done by you in order to save the Gujarati language for next generation. I am thankful to get digital format which is most convenient to refer and preserve.**- Kalpesh Patel.**

O All India Poetry Festival at Imphal (Manipur) : એક કોલાજ


















60





60
hitya Akademi
Poetry




આપણી સાહિત્ય-ધરોહર



પ્રેમાનંદ

પ્રેમાનંદના જીવન વિશે વિશ્વાસપાત્ર હકીકત બહુ ઓછી જોવા મળે છે. એમની સૌપ્રથમ કૃતિ "ચંદ્રહાસ આખ્યાન" આશરે ઈ.સ ૧૬૬૧માં અને "ઓખાહરણ" સંભવતઃ ઈ.સ. ૧૬૬૭માં રચાયેલ હોવાનું મનાય છે. એમનું છેલ્લું આખ્યાન "દશમસ્કંધ" અધૂરું રહ્યું હતું. તે પછીથી સુંદરે ઈ.સ. ૧૭૧૭ કે ૧૭૪૦માં પૂરું કર્યું . આમ, પ્રેમાનંદે કાવ્યસર્જન વીસ-બાવીસ વર્ષે શરૂ કર્યું . ઈ.સ. ૧૭૦૦ પછી તેઓ બહુ જીવ્યા નહીં. એમ માનીએ તો એમનો જીવનકાળ ઈ.સ.૧૬૪૦ થી ૧૭૦૦ સુધીનો ગણી શકાય.

પ્રેમાનંદ વડોદરાના વતની હતા.તેઓ ચોવીસા મેવાડા બ્રાહ્મણ હતા. તેમના પિતાનું નામ કૃષ્ણરામ તથા પત્નીનું નામ હરકોર ભટ્ટ હતું. તેમના પુત્રનું નામ વલ્લભ ભટ્ટ હતું.

'આખ્યાનો કરવાં' અને માણભટ્ટ એટલે કે કથાકારનો એમનો વ્યવસાય હતો. કવિ નર્મદાશંકરને જાત-તપાસથી મળેલી માહિતી અનુસાર પ્રેમાનંદના દાદાનું નામ જયદેવ હતું. માતાપિતાનાં અવસાન પછી એ માસીને ત્યાં ઉછેરાયા હતા. પોતાની પૌરાણિક વૃત્તિથી પ્રેમાનંદે ઠીક-ઠીક પૈસા એકઠા કર્યા હતા. કેમકે, પ્રેમાનંદે રૂ.૧૦,૦૦૦ની કિંમતનું બંધાવેલ ઘર નર્મદાશંકરના સમયમાં વારસા તરીકે વાપરતા હતા.

વડોદરામાં કથા કરવા માટે બેસવાના સ્થળની બાબતમાં કોઈ શાસ્ત્રીપુરાણી સાથે ઝઘડો થતાં, પ્રેમાનંદ સંસ્કૃતમાં કથા કરવાનું છોડીને લોકભોગ્ય શૈલીમાં આખ્યાનો રચીને ગાવા મંડ્યા હતા.

ઈ.સ. ૧૮૮૪થી હરગોવિંદદાસ કાંટાવાળા સંપાદિત "પ્રાચીનકાવ્ય ત્રૈમાસિક" અને "પ્રાચીન કાવ્યમાળા" વડોદરાથી પ્રગટ થવા માંડેલી. તેમાં પ્રેમાનંદ અને તેમના પુત્ર વલ્લભની કૃતિઓ પ્રગટ થયેલી. એ કૃતિઓમાંના ઉલ્લેખો તેમજ પ્રચલિત દંતકથાઓને હવાલો આપી પ્રેમાનંદના જીવન વિશે તથા પ્રેમાનંદની ગૌરવયુક્ત છબી ખડી કરે તેવી માહિતી આપેલી છે.

'સુદામાચરિત', 'મામેરું' અને 'નળાખ્યાન' - આ ત્રણેય આખ્યાનો એમની કવિતાનાં ઉત્તમ આખ્યાનો છે. આ ઉપરાંત 'ઓખાહરણ', 'ચંદ્રહાસ આખ્યાન', 'રણયજ્ઞ', 'અભિમન્યુ આખ્યાન', 'દશમસ્કંધ', 'હૂંડી', 'સુધન્વાખ્યાન', 'મદાલસા આખ્યાન' વગેરે આખ્યાનો નોંધપાત્ર છે.

પ્રેમાનંદના નામે ચડાવવામાં આવેલી બીજી કૃતિઓમાં 'સુભદ્રાહરણ', 'પાંડવાશ્વમેધ', 'ભીષ્મપર્વ', 'સભાપર્વ', 'હારમાળા' એમની શૈલી દર્શાવે છે તેમ એમાં પ્રેમાનંદના કતૃત્ત્વનો ઉલ્લેખ કરેલો હોવાં છતાં મધ્યકાલીન કવિઓની રચના છે.

તેમની લઘુકૃતિઓમાં 'સ્વર્ગની નિસરણી', 'ફૂવડાનો ફજેતો', 'વિવેક વણજારો', 'શામળશાનો વિવાહ', 'દાણલીલા, 'બાળલીલા વ્રજવેલ', 'ભ્રમર પચ્ચીસી', પાંડવોની ભાંજગડ', 'વિષ્ણુ સહસ્ત્રનામ' અને 'રાધિકાનાં દ્વાદશમાસ' વગેરે છે.

(વિકીપીડિયા પરના લખાણ પરથી)